ટેકનિકલ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- 1 JUL 2009
આવક રજીસ્ટર નંબર
જેને મોકલ્યો તે
શાખાનું નામ
ક્રમાંક..........

પ્રાઇવેટ/પબ્લીક પાર્ટનરશીપના ધોરણે
ઇજનેરી/પોલીટેકનિક કોલેજો શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-પીપીટીઆઇ-૧૦૨૦૦૯-૩૧૯-સ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:- ૩૦/૬/૨૦૦૯

વંચાણે લીધા:- (૧) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૭-૫-૦૯ નો ઠરાવ
ક્રમાંક: -પીપીટીઆઇ-૧૦૨૦૦૯-૩૧૯-સ
(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૮-૫-૦૯ નો ઠરાવ
ક્રમાંક:-પીપીટીઆઇ-૧૦૨૦૦૯-૩૧૯-સ

**ઠ રા વ:-**

આમુખ(૧) માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૭-૫-૦૯ ના ઠરાવથી રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮-૦૯માં મંજુર કરેલ ૧૪ નવી સરકારી ઇજનેરી કોલેજો પૈકી ૧૨ ઇજનેરી કોલેજો અને ૯ પોલિટેકનિક કોલેજો પ્રાઇવેટ /પબ્લીક પાર્ટનરશીપના ધોરણે શરુ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અધ્યક્ષપદે તા.૨૨-૬-૨૦૦૯ના રોજ મળેલ પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે મળેલ દરખાસ્તોની સમીક્ષા બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ પી.પી.પી. હેઠળ આ સંસ્થાઓ માટે જે કોઇ સંસ્થાની પસંદગી થાય તેના દ્વારા એ.આઇ.સી.ટી.ઇ.ના ધારા- ધોરણ મુજબ સંસ્થાનું નિર્માણ થાય ત્યાં સુધી આ અર્ધ-સ્વનિર્ભર સંસ્થાઓ ટેકનિકલ શિક્ષણના તાબા હેઠળની સંસ્થાઓમાં કામચલાઉ ધોરણે ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦ થી શરુ કરી શકાય તેમજ સરકાર ઉપર કોઇ નાણાકીય બોજ ન આવે તે રીતે વિધાર્થીઓની ફી નક્કી કરવા માટે નીચેની શરતોએ આથી મંજૂરી આપવામાં આવે છે.

**શ ર તો:-**

૧. ચાલુ શૈક્ષણિક વર્ષથી ૭ જિલ્લાઓમાં અનુક્રમે (૧)અમરેલી (૨) જામનગર (૩)પોરબંદર (૪)સુરેન્દ્રનગર (૫)નવસારી (૬)મહેસાણા ખાતે અર્ધ-સ્વનિર્ભર પ્રકારની ઇજનેરી કોલેજો તથા વેરાવળ ખાતે એક પોલિટેકનિક સંસ્થા શરુ કરવાની રહેશે.

૨. આ કોલેજો /પોલિટેકનિકમાં શરુ કરવાનો અભ્યાસક્રમની પસંદગી માટે નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણને અધિકૃત કરવામાં આવે છે. પી.પી.પી. માટેની આવેલી દરખાસ્તો ધ્યાનમાં લઇ કઇ કોલેજ/પોલિટેકનિકમાં કયા અભ્યાસક્રમો શરુ કરવા તે અંગે નિયામકશ્રીએ નિર્ણય કરવાનો રહેશે.

૩. ફીનુ ધોરણ અર્ધ-સ્વનિર્ભર સંસ્થાના ધોરણે આર.જે. શાહ સમિતિ નક્કી કરે તે મુજબનું રહેશે.

૪. ફીની આવકમાંથી શૈક્ષણિક ,બીન શૈક્ષણિક સ્ટાફ, સાધન સામગ્રી તથા ફર્નિચરનો ખર્ચ કરવાનો રહેશે. આ માટેની કાર્યવાહી કરવા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને અધિકૃત કરવામાં આવે છે.

૫. શૈક્ષણિક ,બીન શૈક્ષણિક સ્ટાફ AICTE ના ધોરણ પ્રમાણે એક વર્ષ માટે એડહોક ધોરણે કોંટ્રાક્ટ બેઇઝ પર ભરવાનો રહેશે .જે અંગેની કાર્યવાહી માટે કુલપતિશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને અધિકૃત કરવામાં આવે છે.

૬. પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ અંતર્ગત જે સંસ્થાને આ શરુ કરેલ કોલેજો પૈકીની કોલેજ ફાળવવામાં આવે તે સંસ્થાએ એ.આઇ.સી.ટી.ઇ.ની મંજૂરી મળ્યા બાદ, સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ આ અર્ધ સ્વનિર્ભર કોલેજો/ પોલિટેકનિકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમનો ડીગ્રી / ડીપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યાં સુધી સમાવવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯-૬-૦૯ ની નોધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.જી.ચૌધરી )
ઉપ.સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- નામ.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર(પત્ર ધ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી,શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- તમામ માન. મંત્રીશ્રીઓ,રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી,બ્લોક-૧,૩ જો માળ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,શિક્ષણના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- કુલપતિશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી,એલ.ડી.એન્જી.કોલેજ કંપાઉન્ડ,અમદાવાદ
- સભ્ય સચિવશ્રી,ફી નિયમન સમિતિ,પાંચ બંગલા,નેશનલ પાર્ક સોસાયટીની સામે,અમદાવાદ
- સભ્ય સચિવશ્રી,એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, રાજયની તમામ યુનિવર્સિટીઓ.
- સંયુકત સચિવશ્રી(ટે.શિ),બધા ના.સ.શ્રી,ઉ.સ.શ્રી,સે.અ.શ્રી; શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ,-સ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ,-ના.સે.અ.શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર